સતિ શિરોમણી

નર્મદાસુંદરી.

ે આપે ઉપદેશ અંતર ઘણો જે ધર્મ દર્શાવતી,
્રી નીતિ શુભ ધર્મથી સકળને જે ભાવથી ભાવતી,
તયે સધ અપાર દુર્ગુણ બધા જે વાચવાથી ટલી,
વાંચો આ સતિ શિરોમણી હૃદયથી **શ્રી નર્મદાસુંદરી.**

છપાવી પ્રસિદ્ધ કરનાર

માંડળ ગ્રામ નિવાસી

માસ્તર શવચંદ દામોદરદાસ શાહ.

શ્રી રત્નસાગરજી જૈન સ્કુલ સુરત.

શ્રી સુરત "જૈન પ્રિન્ટીગ પ્રેસ"માં મગનલાલ ભાઇ
દામે છાપ્યુ ખપાટીઆ ચકલા—સુરત.

સને ૧૯૧૨ વીર સંવત ૨૪૩૮

કીંમત ૦-૨-૦

શાર્દુલવિ.

ના વસ્ત્રો થકી નારિયો દીપી ઉઠે, ના રૂપ ઝાઝા થકી,
શોભાવે નહિ નારિયો જગત્મા, ઝાઝા ઘરેણાં નકી,
ઝોકાવે કદી પાયમાં નૂપુરને, કંઠે પહેરે મણી,
તે ગર્વેથી સરસ્વતી શિયળથી, નારી દીપે છે ઘણી, ૧

નર્મદા સુંદરી.

આ સતી વણિક જાતિમાં થઈ હતી. તેણીના પિતાનું નામ **સહદેવ** હતું. સહદેવ પહેલાં-તો વર્દ્ધમાન નગરમાં રહેતો હતો, પણ જ્યારે તેની સ્ત્રી સગર્ભા થઈ ત્યારે તેણીને જળક્રીડા કરવાનો દોહદ ઉત્પન્ન થયેલો તે ઉપરથી તે નર્મદાનદીમાં જળક્રીડા કરવા ગયો હતો, અને ત્યા **નર્મદા** નામે એક નગરી વસાવી પછી ત્યાંજ રહ્યો હતો તે નગરીમાં આ મહાસતીનો જન્મ થયો હતો. સહદેવના પીતાનુ નામ **રૂષભસેન** હતુ, અને માતાનુ નામ **વીરમતિ** હતું, તેને **વીરદાસ** નામે એક ભાઈ હતો અને **રૂપીદત્તા** નામે એક બેન હતી.

જ્યારે નર્મદા સુદરીનો જન્મ થયો ત્યારે સહદેવે નર્મદાપુરીમાં મહાન્ ઉત્સવ કર્યો હતો સહદેવના વશમા પરપરાથી જૈન ધર્મ પળાતો હતો. જૈન ધર્મની પવિત્ર મહાશિક્ષા પ્રમાણે તેનુ કુટુંબ ચાલતું હતું. સહદેવે નર્મદા-પુરીના મધ્ય ભાગમાં એક સુંદર મંદિર બંધાવ્યું હતું

અને બીજુ મંદિર નર્મદાનદીના તીર ઉપર રચાવ્યું હતું. એ મંદિરની શોભા ખરેખર એક વિમાનના જેવી હતી. મંદિરમાં કરાવેલી કારીગરીથી આકર્ષાઇ ઘણા વિદેશી લોકો વહાણમાં બેસી તેના દર્શન કરવાને આવતાં હતા, તેથી લાંબી મુદતે એ નર્મદાપુરીની એક મોટી યાત્રા થઈ પડી હતી.

નર્મદાસુંદરી યોગ્ય વયની થઈ ત્યારથી તેની મનોવૃત્તિ વિશેષે કરીને ધાર્મિક હતી તેણીના પિતા સહદેવે બાલ્યાવસ્થાથીજ શરૂ કરીને તેણીને સારી કેળવણી આપી હતી કેળવણીના પ્રતાપે આ બાળ શ્રાવિકાની વૃત્તિ નીતિના શિક્ષણ તરફ વિશેષ રહેતી હતી તે હમેશા સત્ય વચન બોલતી અને સત્ય ઉપર ચાલતી હતી પરોપકાર કરવામાં તે નિશદિન વધારે કાળજી રાખતી હતી જ્યારે તે કીશોર વયની થઈ ત્યારે તે ઘણીજ સ્વરૂપવાન અને તેજસ્વી થઈ હતી, તેમજ વિદ્વાન, સત્યવાદી, નિતિજ્ઞ અને પરોપકારી બની હતી એકંદર તેણીનામા જેવુ સૌન્દર્ય હતું, તેવાજ ઉત્તમ ગુણો પણ વાસ કરી રહ્યા હતા

નર્મદા સુંદરીના પિતા સહદેવને જે રૂષિદત્તા નામે બ્હેન હતી તેને **રૂદ્રદત્ત** નામનો એક મિથ્યાત્વી વણિક બનાવટી શ્રાવક થઇને પરણી ગયો હતો તેનાથી **મહેશ્વરદત્ત** નામે એક પુત્ર થયો હતો.

રૂષિદત્તા વર્ધમાન નગરમાં રહેતી હતી. ત્યાં તેણીએ સાંભળ્યું કે, પોતાના ભાઇ સહદેવને નર્મદાસુંદરી નામે એક પુત્રી થઈ છે, તે ઘણીક ચાલાક, વિદ્વાન અને સ્વરૂપ- છે. આથી રૂષિદત્તાએ વિચાર કર્યો કે, મારા પુત્ર મહેશ્વ- દત્તને માટે હુ નર્મદા સુંદરીની માગણી કરૂં તે વિચાર કરતાં તેણીને સ્ફુરી આવ્યું કે, કદી મારા પિતાના કહેવાથી મારો ભાઈ સહદેવ મારા પુત્રની સાથે નર્મદા સુંદરીને પરણાવે, પણ મારાથી બોલી શકાય તેમ નથી. હું મિથ્યા- ત્વી શ્રાવકને પરણી ધર્મ રહીત થઇ ગઇ છું અરે ! ! મારા ભાગ્ય સારાં નથી મેં પાપિણીએ જૈન ધર્મનો ત્યાગ કરી મારા જીવનને મલીન કરી નાંખ્યું છે મારા જેવી ધર્મભ્રષ્ટ સ્ત્રીના પુત્રને મારો શ્રાવક બંધુ પોતાની પુત્રી શી રીતે આપે ? આ પ્રમાણે પોતાની માતાને વિલાપ કરતી જોઇને મહેશ્વરદત્તે તેનુ કારણ પૂછ્યું રૂષિદત્તાએ તેને પોતાનાં મનમા હતું, તે કહી બતાવ્યુ, તે સાંભળી મહેશ્વરદત્ત બોલ્યો—" માતા તું શા માટે અફસોસ કરે છે ? તું મને મારા મામાને ઘેર મોકલ હું ત્યાં જઇને મારા મોસાળીઆને વશ કરીને મારા મામાની પુત્રી નર્મદા સુંદરીને પરણી લાવીને તને હર્ષ પમાડીશ "

પુત્રના આવાં વચન સાભળી રૂષિદત્તાએ તેને નર્મદા- પુરીમા મોકલ્યો, અને તે થોડા રોજમાં નર્મદાપુરીમાં આવી

પહોંચ્યો. તે વખતે મહામહ (માનો બાપ) રૂષભસેન શેઠ પોતાના પુત્રને મળવાને નર્મદાપુરીમાં આવ્યો હતો. તેઓએ પોતાના મિથ્યાત્વી ભાણેજ મહેશ્વરદત્તને જોયો, તે મિથ્યાત્વી હોવાથી તેના મોસાળીઆને ગમ્યો નહિ, પણ લોક લજ્જાને લીધે તેનો જરા સત્કાર કર્યો હતો. કારણ કે, જૈન શાસ્ત્રકારો લખે છે કે, "સર્વની સાથે ઉચિતાચાર કરવો જોઇએ. ઉચિતાચારમાં મિથ્યાત્વ કે સમ્યકત્વ જોવાનું નથી."

મહેશ્વરદત્ત માન અપમાન ગણ્યા વગર કેટલોક વખત પોતાના મોસાળમા રહ્યો હતો.

ત્યાં તેણે પોતાના કેટલા એક ગુણોથી સર્વના મનને વશ કરી લીધા હતા. તેનો મામો સહદેવ, તેની મામી, અને મામાની પુત્રી નર્મદાસુંદરી—એ બધાની તેની ઉપર ઘણી સારી પ્રીતિ થઈ હતી

એક વખતે મહેશ્વરદત્ત પોતાની માના બાપ રૂષભસેન શેઠના ઉત્સંગમાં (ખોળામાં) બેઠો હતો, વૃદ્ધ શેઠ પોતાના ભાણેજને પવિત્ર પ્રેમની દ્રષ્ટિથી જોતા હતા. ક્ષણવાર પછી તે વૃદ્ધે આનંદ પૂર્વક જણાવ્યું કે, "વત્સ, તારા માબાપ તો મિથ્યાત્વી છે, તે છતાં તેમને ઘેર તુ આવો વિનયી અને ધર્મી પુત્ર છું, તેને માટે મને સંતોષ થાય છે. બેટા, તેં તારા ઉત્તમ ગુણોથી અમારા મનને હરિ લીધું

છે. આજે હું તારી ઉપર ઘણોજ ખુશી થયો છું, માટે જે તારી ઈચ્છામાં આવે તે માગી લે.” પોતાની માના તથા બાપનાં આવાં વચન સાંભળી મહેશ્વરદત્ત શરમાતો શરમાતો બોલ્યો—“નાના. જો મારી ઉપર ખુશી થયા હો તો ‘મને નર્મદાસુંદરી પરણાવો’ મામાની દીકરી પરણવાનો આપનામાં રીવાજ છે” તે સાંભળી રૂષભસેન બોલ્યો—બેટા, એ વાત ખરી છે પણ તારૂં કુળ મિથ્યાત્વી છે, માટે મિથ્યાત્વીના કુળમાં શ્રાવકની કન્યા આપવી તે મને રૂચતું નથી. સમક્તિ ધારી શ્રાવકોની કન્યાઓ મિથ્યાત્વી કુળમાં આપવી તે તેમને ધર્મભ્રષ્ટ કરવા જેવુ છે જે લોકો શ્રાવક થઈને મિથ્યાત્વી કુળની સાથે પુત્રી આપવાનો અને લેવાનો પ્રસંગ રાખે છે, તેઓની ઓલાદ અલ્પ સમયમાં ધર્મભ્રષ્ટ થઇ મિથ્યાત્વી બની જાય છે.

પિતામહનાં આવાં વચન સાંભળી મહેશ્વરદત્ત બોલ્યો—પૂજ્ય, મારૂં કુલ ભલે મિથ્યાત્વી રહ્યું, તે કુલની વાત કરવી રહેવા દો કારણકે, લોકો કમળને જુવે છે, કાંઈ તેની ઉત્પત્તિને જોતા નથી. હું પોતે જૈનધર્મી છું. તમારે ઘેર રહીને મે જૈનધર્મનાં પવિત્ર શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. જો આપને શંકા રહેતી હોય તો મારી પરીક્ષા કરો.

મહેશ્વરનાં આવા વચન સાંભળી રૂષભસેને પોતાના પુત્ર સહદેવની સંમતિ લઈ નર્મદાસુંદરીને તેની સાથે પરણાવી. સતી નર્મદા જૈનધર્મમાં ઘણી કુશળ હતી. તેમજ તે અન્ય દર્શનનાં સિદ્ધાંતો જાણતી હતી, અને તેમાં જે દોષો રહેલા છે તે તે બતાવી શક્તિ હતી, તેથી તેણીએ પોતાના પતિ મહેશ્વરદત્તને તેના મિથ્યાત્વના શાસ્ત્રનો અને જૈનશાસ્ત્રનો સબંધ કહી બતાવી પોતાના જૈનધર્મમા ઘણો કુશળ કરી દીધો સતી નર્મદાના પ્રભાવથી મહેશ્વરદત્ત ખરેખરો શુદ્ધ શ્રાવક બની ગયો. સતીના પવિત્ર પ્રસંગે તેનું બધું જીવન નિર્મળ થઈ ગયુ

એક વખતે મહેશ્વરદ-તે સ્ત્રી સહિત પોતાના વતનમા જવાની સસરાની પાસે આજ્ઞા માગી, રૂપભસેન અને સહદેવે ખુશીથી આજ્ઞા આપી એટલે મહેશ્વરદત્ત નર્મદાસુદરીને લઇ પોતાના વતનમાં આવ્યો વિનયવતી નર્મદાસુદરી પોતાના પૂજ્ય સાસુ રૂષિદત્તાને નમન કરવા પગે પડી. સુશીલ નર્મદાસુંદરીને જોઈ રૂષિદત્તા ઘણીજ ખુશી થઇ પોતાની ધારણા પ્રમાણે મળેલી પૂત્રવધૂને અવલોકી રૂષિદત્તાને અપાર આનંદ થયો હતો.

કેળવણી પામેલી શ્રાવિકાઓના પ્રસંગથી કુટુંબમા કેટલો બધો લાભ થાય છે. એ વાતને સતી નર્મદાએ સાબિત કરી બતાવી હતી. તેણીએ થોડા દિવસમાં તો

પોતાના સાસરાના મિથ્યાત્વી કુટુંબને જૈન ધર્મમાં પૂરેપૂરૂં આસ્તિક બનાવી દીધું હતું. તેણીની સાસુ રૂષિદત્તાના હૃદયમાંથી જૈન ધર્મની પવિત્ર ભાવના તદ્દન દૂર થઇ ન હતી. પણ આ પ્રભાવિક સતીએ તેને પાછી ઘણી સતેજ કરી હતી. સાસરીઆના બધાં માણસો સતીના પ્રભાવથી શ્રાવક ધર્મને અંગીકાર કરી પોતાના જન્મને કૃતાર્થ માનતા હતા.

એક વખતે સતી શ્રાવિકા પોતાના ઘરના ગોખ ઉપર બેસી તાંબુલ ચાવતી હતી અને પોતાનુ મુખ દર્પણમાં જોતી હતી ભવિતવ્યતાના યોગે તેણીના મુખમાથી તાંબુલ પડી ગયુ, તેજ વખતે કોઇ જૈનયતિ નીચેથી જતા હતો, તેની ઉપર તે તાબૂલ પડ્યુ શુદ્ધ જૈન મુની શાતિના ધારક હોય છે, પણ પૂર્વ કર્મના યોગથી તે યતિના હૃદયમાં રોષ ઉત્પન્ન થઈ આવ્યો. તેણે ઉચે જોયુ, ત્યા ગોખમાં નર્મદાસુદરીને બેઠેલી જોઈ તે જ્ઞાની યતિ કોપ કરીને બોલ્યો, “ અમારા જેવા સાધુની આશાતના કરવાથી તું તારા પતિનો વિયોગ પામીશ. ” સતી, મુનીના વચન સાભળી મનમાં ખેદ પામી અને તરતજ હેઠે ઉતરી સાધુના ચરણમાં પડીને બોલી—“ મહારાજ, ક્ષમા કરો. હુ મૂર્ખ શ્રાવિકા છુ ” અર્હત પ્રભુની ઉપાસીકા છુ, તે છતા મેં પ્રમાદથી આ અવિનીત કાર્ય કર્યું છે, હે ક્ષમાનિધાન હે. કૃપાસિંધુ, આપ મહાત્મા છો, માટે મારો અપરાધ ક્ષમા

કરો મુનીઓ શત્રુ ઉપર પણ કોપાયમાન થતા નથી, પોતાની ઉપર મોહ રાખતા નથી, અને સર્વની ઉપર સમદષ્ટી રાખે છે, માટે આપ મને આપેલો શ્રાપ પાછો ખેંચી લ્યો. મહારાજ, આપ મહાનુભાવ જાણો છો કે, સ્ત્રીઓનુ જીવન પતિ છે, તેના જીવિતનો આધાર અને સુખદુઃખનો સમભાગી સ્વામી છે. સતી શ્રાવિકાઓ જ્યાં સુધી સંસારસાગરના મોજા સાથે અથડાય છે, ત્યા સુંધી તેમનો જીવનરૂપ નાવનેતા અને નાયક પતિજ છે વનિતાઓએ પોતાના જીવનમાં જો કાંઈ પણ સુખ મેળવવુ હોય તો પતિની સેવા ભક્તિમાજ છે. મહારાજ, કદી આપને આ શ્રાપ પાછો ખેચવો ન હોય તો પતિના વિયોગ સિવાયનો બીજો શ્રાપ આપો. આપ જાણો છો કે, સતિ શ્રાવિકા પતિપ્રાણા હોય છે સતીના આવા મધુર વચન સાભળી તે યતિએ પ્રસન્ન થઈ કહ્યુ, હે સદ્ગુણી શ્રાવિકા, તારા પતિવ્રતને ધન્ય છે પુત્રી, તુ ખેદ કરીશ નહિ જૈન મુનિઓ કદી પણ શ્રાપ દેતા નથી જૈન શાસ્ત્ર કહે છે કે–"રાગદ્વેષને નાશ કરનારા મુનીઓ વંદના કરવાથી ખુશી થતા નથી, અને હીલના કરવાથી ખેદ પામતા નથી, પરંતુ તેઓ ચિત્તને દમીનેજ વિચરે છે" મે જે કહ્યુ તે શ્રાપ નથી, પણ તારૂ ભવિષ્ય કહ્યુ છે. કોઈના કહેવાથી કોઇને સુખ દુઃખ થતું નથી એતો સારા નરસાં કર્મને ઉદયે સંયોગ વિયોગ થયાં કરે છે. કયો સુજ્ઞપુરૂષ પોતાના

ઉપાર્જન કરેલા કર્મ ભોગવતાં ખેદ પામે ? આ પ્રમાણે ઉપદેશ આપી નર્મદાસુંદરીએ કરેલાં વદનને સ્વીકારતો સાધુ પોતાને માર્ગે ચાલ્યો ગયો.

પતિ નર્મદા સુદરીએ આ વાત પોતાના પતિ મહેશ્વરદત્તને જણાવી એટલે મહેશ્વરદત્તે કહ્યું કે, પ્રિયા એવો ખેદ કરીશ નહિ. તારા જેવી વિદ્વાન અને ધાર્મીક રમણીએ ભવિતવ્યતાનો ખેદ ન કરવો જોઇએ પતિનાં આવાં ધીરજભરેલાં વચન સાંભળી તે વિનયી નર્મદાસુદરી એક નિષ્ટાથી જૈન ધર્મ પાળી સુખે રહેવા લાગી

એક વખતે મહેશ્વરદત્ત વ્યાપાર કરવાને અર્થે દૂર આવેલા યવનદ્વીપમા જવાને તૈયાર થયો તે વખતે સતી નર્મદા અતિ આગ્રહ કરી તેની સાથે તૈયાર થઈ. મહેશ્વરદત્ત પોતાની પ્રીયાને સાથે લઈ ઘણો માલ ભરી વહાણમાં બેસી સમુદ્ર માર્ગે ચાલ્યો. બન્ને દંપતિ ધર્મની ઉત્તમ ભાવના ભાવતાં અને જળમાર્ગની કુદરતી શોભા જોતા સમુદ્રમાં ચાલ્યા આગળ જતા કોઈ પુરૂષનુ મધુર સંગીત નર્મદા સુંદરીના સાંભળવામાં આવ્યુ તે વખતે સતીએ કહ્યું, સ્વામી સાંભળો, આ મધુર ગીત કેવુ મજેનું છે ? આ ગીત ઉપરથી ગાનાર પુરૂષની બધી હકીકત જાણી શકાય છે. પતીએ કહ્યું, તે કેવી રીતે ? સતી બોલી પ્રિયપતિ, તેના સ્વરના સ્વભાવથી એમ જણાય છે કે, જે પુરૂપ મધુર વાણીથી

આ ગીત ગાય છે, તેનુ શરીર શ્યામ છે, તેના હાથ, પગ અને વાળ સ્થુલ છે અને તે પુરૂષ મોટા સતવાળો છે તે પુરૂષને ગૃહ્યસ્થાનમા મચ્છનુ ચિન્હ છે, છાતીમા લાછન છે, અને તેનુ વય બત્રીસ વર્ષનું છે પ્રિયાનાં આવાં વચન સાંભળી મહેશ્વરદત્તના મનમાં શકા ઉત્પન્ન થઇ આવી તેની ઉજવળ બુદ્ધિ શકાથી મલિન થઈ ગઈ તેણે વિચાર્યુ કે, આ સ્ત્રી તે પુરૂપ સાથે મૈથુન રમેલ છે જો એમ ન હોય તો એ અદ્રશ્ય પુરૂષના શરીરની સ્થિતિ શી રીતે જાણી શકે? આટલો સમય હુ એણીને મહા સતી જાણતો હતો, પણ આ તો કુળને કલંક લગાડે તેવી નીકળી. આવી કુભાર્યાને જીવતી રાખવી તે યોગ્ય નથી "કર્મની વિચિત્રતા કેવી છે? મહેશ્વરદત્ત જેવો દીર્ઘ વિચારી પુરૂષ ક્ષણમાં બદલાઇ ગયો" પછી તે વિચાર કરવા લાગ્યો કે, આ કુબુદ્ધિવાળી કામિનીને આ સમુદ્રમાં ફેકી દઉ કે કદલીની જેમ તેનુ મસ્તક છેદી નાંખુ? તે આવા વિચાર કરતો હતો ત્યાં વહાણનો ખારવો શઢ ઉપર ઉભો રહિ ઉચો સ્વરે કહેવા લાગ્યો કે, વાહાણ ઉભું રાખો અને શઢ ઉતારી લો આ રાક્ષસદ્વીપ આવ્યો છે, ત્યાંથી અન્ન જળ વિગેરે જે કાઇ સામગ્રી લેવી હોય તે લઈ લ્યો" પછી વહાણ ઉભુ રાખ્યું એટલે મહેશ્વરદત્ત કપટથી નર્મદાસુંદરીને ઉતારી બંદરને કાંઠે આવેલા કોઇ જગલમાં તેણીને લઈ ગયો. ત્યાં

એક સરોવર આવ્યુ, તેના કાઠા ઉપર બન્ને બેઠા, તેવામાં નર્મદાસુંદરીને નિદ્રા આવી તે જોઇ મહેશ્વરે વિચાર્યુ કે, આ વિશ્વાસ કરી સુતેલી સુંદરીને મારી નાખવાથી સ્ત્રી હત્યાનુ મહા પાપ લાગશે, માટે તેણીને અહીં છોડીને ચાલ્યા જવું, તે વધારે સારૂ છે આવુ વિચારી સતીને ત્યાંજ સુતી મુકી મહેશ્વર પાછો બંદર ઉપર આવ્યો, બીજા લોકો તેને તેની સ્ત્રીની ખબર પૂછવા લાગ્યા એટલે તેણે કહ્યુ કે, આ વનમાં અમે ક્રીડા કરવા ગયા હતા ત્યાં મારી સ્ત્રીને કોઈ વાઘ આવી ખાઈ ગયો આમ કહી તેણે વૃથા રૂદન કરવા માંડ્યુ લોકોએ તેને સમજાવી શાંત કર્યો. કપટી લોકો હર્ષ અને શોકનો દેખાવ કરી શકે છે. હવે તે વહાણ ત્યાથી આગળ ચાલી કેટલેક દિવસે તે યવનદ્વીપમાં આવી પહોંચ્યુ ત્યાં રહી તેણે પુણ્યના પ્રભાવથી ઘણુ દ્રવ્ય ઉપાર્જન કર્યું. તે દ્રવ્યથી મોટુ વહાણ ભરી તે પાછો પોતાને વતન આવ્યો ત્યાં તેણે પોતાની માતા પિતાને જણાવ્યુ કે, તેની સ્ત્રી નર્મદાસુંદરીને કોઇ રાક્ષસ ભક્ષણ કરી ગયો હતો આ સાંભળી તેના પિતા રૂદ્રદત્તે અને માતા રૂષિદત્તાએ ઘણોજ અપસોસ કર્યો અને સતી નર્મદાસુંદરીના સદ્ગુણોનુ વારંવાર સ્મરણ કરી ઘણુજ કલ્પાંત કર્યુ હતું પછી તે નર્મદાસુંદરીની ઉત્તર ક્રિયા કરી રૂષિદ-

ત્તાના કહેવાથી રૂદ્રદત્તે મહેશ્વરદત્તને કોઈ સુંદર વણિક કન્યા પરણાવી હતી.

અહીં રાક્ષસદ્વીપ પાસે આવેલા જંગલમા સતી નર્મદા જેવામાં પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતી જાગ્રત થાય છે, ત્યાં તેણીએ પોતાના પતિને જોયો નહિ. એટલે તેણીનાં પ્રેમી હૃદયમા ભારે આઘાત થઈ આવ્યો. ક્ષણવારે તેણીએ વિચાર કર્યો કે, "શું મારા પ્રાણેશ મને છોડી ચાલ્યા જાય? એ વાત બનેજ નહીં. જરૂર તે મારી મશ્કરી કરતા હશે" એમ ધારીને તે ઉંચે સ્વરે બોલી "સ્વામીનાથ સત્વર દર્શન આપો પ્રેમી જનનુ હાસ્ય ઘણીવાર હોય નહિ. મને ઉત્તર આપી પ્રમોદ પમાડો" જ્યારે તેણીને કાંઈપણ પ્રત્યુત્તર મળ્યો નહીં એટલે તે ઉઠીને બેઠી થઈ તે સતી જળાશયને કાઠે ભય પામતી મદમદ પગલા ભરતી પતીને શોધવા લાગી, પણ તેણીને કોઈ ઠેકાણે દર્શન થયાં નહીં જ્યારે ઘણીવાર થઈ પણ પતિને જોયા નહીં, ત્યારે તેણી ધ્રુજવા લાગી અને ઉંચે સ્વરે રૂદન કરવા લાગી તે પતિ ભક્તા પત્નીએ એવુ રૂદન કર્યું કે, જેથી જગલના પશુ, પક્ષી અને વૃક્ષો પણ જાણે રૂદન કરતા હોય તેવો દેખાવ થઈ રહયો. તે શરણ રહિત સુદરી પોતાની ચતુરાઈ ભુલી ગઈ. પોતાના રૂદનના પ્રતિધ્વનિ ગુફાઓમાં પડતાં સાંભળી તે ભ્રાંતિ પામી તે તરફ દોડવા લાગી. એવો કોઈ વનનો પ્રદેશ,

કોઈ વૃક્ષની ઘટા કે ગુફા ન હતી કે જ્યાં તે ફર્યા વિના રહી ન હોય. ? તેમ કરતાં રાત્રિ પડી. આકાશમાં ચંદ્ર ઉગ્યો. તે ચંદ્રને જોઈ તે બાળા બોલી કે,—"હે પ્રેમરૂપી અમૃતથી પૂર્ણ એવા ચંદ્રરૂપ સ્વામી ? આ પ્રિયાને મૂકી કયાં ચાલ્યા ગયા ? ગયા તો ભલે પણ એકવાર ઉત્તર આપી આ અધીરી અબળાને શાંત તો કરો." આ પ્રમાણે વિલાપ કરતી તે સતીએ તે વનમા પાંચ ·દિવસ નિર્ગમન કર્યા હતા તેવા નિર્જન વનમાં શીલધર્મના પ્રભાવથીજ તેની રક્ષા થઈ હતી.

સતી નર્મદાસુંદરીને વીરદાસ નામે એક કાકો હતો. તે વ્યાપાર કરવાને ફરવા નિકળ્યો હતો. તે રાક્ષસદ્વીપના બંદર ઉપર ઉતર્યો હતો તે વખતે ત્યા ફરતી નર્મદા સુંદરી તેની નજરે પડી. પોતાની ભત્રીજીને જોઈ વીરદાસ તેણીની પાસે આવ્યો. પોતાના કાકાને જોઈ સતીએ ગાઢ રૂદન કરવા માંડયું. જ્યારે વીરદાસે તેણીને પૂછયુ કે, આવા અજાણ્યા પ્રદેશમાં તું કયાંથી આવી ચઢી ? ત્યારે સતીએ પોતાના કર્મનો દોષ કાઢી પોતાની બધી હકીકત જણાવી હતી પછી વીરદાસે તેણીને પોતાની સાથે લીધી. વીરદાસ બરબર દેશમાં આવ્યો અને નગરની બહાર એક તંબુ નાંખી પડયો. બરબર દેશના રાજાને સારી ભેટ કરી તે મળવા ગયો. રાજાએ તેનાથી પ્રસન્ન થઈ

તેની જકાત માફ કરી ત્યાં વેપાર કરતાં તેણે ઘણું દ્રવ્ય પેદા કર્યું.

તે દેશમાં હરિણી નામે એક વેશ્યા હતી. તેની ઉપર રાજાની ઘણી મહેરબાની હતી. તેથી તેણીને માટે એવી વ્યવસ્થા કરી હતી કે "જે વેપારી ત્યાં વેપાર કરવા આવે, તેની પાસેથી દર વર્ષે એકસોને આઠ સોનામહોરો તેણીએ લેવી" તે ઉપરથી હરિણીએ વીરદાસ પાસેથી પોતાનો કર લેવા એક દાસીને તેને બોલાવવા મોકલી. વીરદાસ સ્વદારસંતોષ વ્રતને ધારણ કરનારો હતો, તેથી પોતે ત્યાં ગયો નહિ અને તેના કરનું જેટલું દ્રવ્ય હતું તે દાસીની સાથે મોકલાવી આપ્યુ વેશ્યાની દાસી જ્યારે વીરદાસ પાસે આવેલી ત્યારે તેણીએ તેના તંબુમા નર્મદાસુંદરીને જોઈ હતી, તેથી તેણીએ આવી વેશ્યાને કહ્યું કે– "તે શેઠ પોતે આવ્યા નહીં અને આપણા કરનુ દ્રવ્ય મારી સાથે મોકલાવ્યુ છે વળી તેમની સાથે કોઈ સ્ત્રી છે, તે ઘણીજ સુંદર છે" તે સાભળી વેશ્યાએ દાસીને કહ્યું કે—"મારે દ્રવ્યનુ કામ નથી એ વીરદાસને અહીં બોલાવી લાવ" પછી દાસી જઇને ગમે તે યુક્તિ કરીને તે વીરદાસને લાવી ચતુર વેશ્યા વીરદાસને જોઇ તેને મોહીત કરવાને અનેક જાતના હાવભાવ કરવા લાગી, પણ તેથી દ્રઢ વ્રતવાળા વિરદાસના મનમાં કાંઈપણ વિકારી અસર

થઈ નહીં. પછી છેવટ કાંઈ કપટ કરવાને નિમિ-તે વેશ્યાએ વીરદાસના હાથમાંથી તેના નામવાળી મુદ્રિકા કાઢી લીધી. તે ગુપ્ત રીતે તેણીએ પોતાની દાસીને આપીને કહ્યું કે— "દાસી તું આ વીરદાસ શેઠને ઉતારે જા. તેની સાથે આવેલી સ્ત્રીને આ મુદ્રિકાની નિશાની બતાવી તેણીને અહીં લાવ" તે સાભળી કપટમા કુશળ એવી તે દાસીએ ત્યા જઈને નર્મદાસુદરીને કહ્યુ—" શેઠ હમારે ઘેર બેઠેલા છે, ત્યા તમને જલદી બોલાવે છે, નિશાની તરીકે તેમણે આ મુદ્રિકા મોકલાવી છે" નર્મદાસુદરી પોતાના કાકાના નામની મુદ્રિકા જોઈ નિ શકપણે દાસીની સાથે વેશ્યાને ઘેર આવી વેશ્યાએ પોતાના ઘરમાં આવેલા ભૂમિગૃહ એટલે ભોયરામા તેને સતાડી દીધી આ પ્રમાણે ગુણીકાએ પોતાનુ ધાર્યું કરી પછી તે મુદ્રિકા વીરદાસને આપી વીરદાસ પોતાનુ સ્વદારસતોષ વ્રત અખડિત રાખી હર્ષ પામતો બાહિર આવી પોતાને ઉતારે આવ્યો ત્યા નર્મદાસુદરીને જોઈ નહીં એટલે તેના મનમા ઘણોજ પરીતાપ થયો તેણે સેવકોને પૂછયુ, ત્યારે સેવકોએ કહ્યુ કે— "હમોને તેની કાંઈ ખબર નથી" આ ઉપરથી વીરદાસે વીચાર્યુ કે—" જે પુરૂષ નર્મદાને પહેલા હરિ ગયો હતો, તેજ પાછો ફરી લઈ ગયો હશે હું અહીં હોઈશ ત્યાં સુધી તે તેણીને કદાપી પ્રગટ કરશે નહી.' આવું

વિચારી વીરદાસ, રાજાની આજ્ઞા માગી પોતાના નગર તરફ ચાલ્યો. અનુક્રમે તે ભૃગુપુર એટલે ભરૂચ પહોંચ્યો, ત્યાં તેણે જીનદાસ નામના માણસને નર્મદાની શોધ માટે બરબર કુળ તરફ મોકલ્યો હતો.

વીરદાસ ગયા પછી પેલી નર્મદાને ભોયરામાંથી બાહેર કાઢી અને કહ્યું કે, "સુંદરી, તું અહીં સુખેથી રહે અને હમારો ધંધો શીખી પરપુરૂષનાં મન રંજન કરી પુષ્કળ દ્રવ્યની માલીક થા. આ જગતમા સર્વ પ્રકારનુ સુખ સંપાદન કરવાને માટે આપણો જન્મ છે, જે સર્વ નારી જાતિમાં સર્વથી શ્રેષ્ઠ ગણાય છે" વેશ્યાના આવા વચન સાંભળી શીલરૂપ રત્નને રક્ષણ કરનારી નર્મદા બોલી—"તુ વીચારીને બોલ. હુ વેશ્યા કુલની બાલીકા નથી, પણ શ્રાવક કુળની બાલીકા છું. જ્યા સુધી મારા દેહમા પ્રાણ છે, ત્યા સુધી મારૂ શીલ રૂપ રત્નને હરવાને કોણ સમર્થ છે?" આ જગત શીયલના પ્રભાવને વશ છે શીયલના તીવ્ર પ્રકાશની આગળ તારા જેવી દુષ્ટ સ્ત્રીઓ ક્ષણમાં ઝાંખી પડી જાય છે" નર્મદાનાં આવા વચન સાભળી વેશ્યાને ક્રોધ ચડયો તરત તે સતીનાં કોમળ શરીર ઉપર પ્રહાર કરવા લાગી. આ વખતે તે પવિત્ર શ્રાવક રમણી પંચપરમેષ્ઠી મંત્રનુ સ્મરણ કરવા લાગી. શીલ અને મંત્રના પ્રભાવથી વેશ્યાનુ આયુષ્ય પૂર્ણ થઈ ગયું, અને તે તુરત મૃત્યુ પામી ગઈ. આ ખબર

રાજાને પડતાં તેણે નર્મદાને હરિણી વેશ્યાનું પદ લેવાનું કહેવા મંત્રીઓને મોકલ્યા. મંત્રીઓએ આવી તેણીને વેશ્યાનુ પદ લેવા પ્રાર્થના કરી તે વખતે ચતુર શ્રાવિકાએ મનમાં વિચાર્યું કે, "જો હું આ મંત્રીઓને ના કહીશ તો રાજા મારી પાસે આવશે અને મારૂં રૂપ જોઈ મોહીત થઈ મારા શીયળનો ભંગ કરવા પ્રયત્ન કરશે, તેથી આ વખતે કબુલ કરી પછી યુક્તિથી શીયળ રૂપ રત્નની રક્ષા કરવી. આવું વિચારી તેણીએ તે વાત માન્ય કરી પછી મંત્રીઓએ તે વાત રાજાને જણાવી, એટલે રાજાએ તેણીને બોલાવાને સુખાસન મોકલ્યું ભોઈ લોકો નર્મદાને સુખાસનપર બેસાડી દરબાર તરફ ચાલ્યા. સતીએ રસ્તામાં વિચાર કર્યો કે, "હવે શીયળના રક્ષણ માટે કોઈ યુક્તિ કરવી જોઇએ" આવુ વિચારી જ્યારે તેણીનુ સુખાસન નગરની ગટર પાસે આવ્યું, ત્યા તેણીએ સુખાસન ઉપરથી પડતું મૂક્યુ, અને તે ગટરની અશુચિથી પોતાના બધા શરીર ઉપર લેપન કરી તે બહાર નીકળી અને પોતાનાં વસ્ત્રો ફાડવા લાગી તથા માથા ઉપર વારવાર ધૂળ નાખવા લાગી. પછી થોડીવારે તેણીએ વ્યંતરીની જેમ દોડી હોકારા કરવા માંડ્યા, તેથી લોકો ભય પામી તેણીની પાસેથી નાસી ગયા. આવી ખબર મંત્રીઓએ રાજાને કહી, તે ઉપરથી રાજાએ તેણીને વશ કરવા મંત્રવાળાઓને મોકલ્યા, તેઓએ

તેણીને બહુ મારવા માંડી પણ શીયળ રત્નના રક્ષણ માટે તેણીએ તે પણ સહન કર્યું.

વીરદાસે તેણીની શોધ માટે મોકલેલો પેલો જીનદાસ અહીં આવી ચઢયો. તે સતી નર્મદાને ગાંડી થએલી જોઈ તેની પાસે આવી પુછવા લાગ્યો. સતીએ તેની સૌગ્ય આકૃતિ ઉપરથી જાણ્યું કે, આ ' શુદ્ધ શ્રાવક છે, ' તેથી તેણીએ તેની સાથે એક તરફ જઈ વાત કરવા માંડી. જયારે સતીએ પોતાની સત્ય હકીકત કહી એટલે જીનદાસ તેણીના ચરણમાં પડી બોલ્યો—" બ્હેન, તમારા કાકા વીરદાસે મને ભૃગુપુરીમાંથી તમારીજ શોધને માટે મોકલ્યો છે. આજે અચાનક તમારો મેલાપ થઈ ગયો, તે સારૂ થયુ. હુવે તમે આવીજ સ્થિતિમાં રહેજો એટલે રાજા તમને નગરી બાહેર કાઢી મૂકશે. પછી હું તમને બાહેરથી બંદર ઉપર લઈ જઈશ પછી આપણે સ્વદેશ તરફ ચાલ્યા જઈશું" જીનદાસના કહેવા પ્રમાણે તેણીએ કર્યું. પછી આ સ્ત્રીને વ્યતરીનો વળગાડ છે, એવુ ધારી રાજાએ તેને નગરની બાહાર કાઢી મુકી. જ્યાં પેલો જીનદાસ તેણીને મળી બદર પર લઈ ગયો. માર્ગમા તે સતીને સ્નાન કરાવી અને ઉત્તમ વસ્ત્ર પહેરાવ્યા પછી તેણીને વહાણમા બેસાડી નર્મદાપુરી લાવ્યો હતો.

નર્મદાપુરીમા સતીના માબાપોએ સાંભળ્યું હતું કે, " નર્મદાને કોઈએ મારી નાંખી છે અને તે પછી મહેશ્વર

દત્ત કોઈ બીજી સ્ત્રીને પરણ્યો છે.” તેઓએ જ્યારે પોતાની પુત્રીને જીનદાસની સાથે જીવતી જોઈ ત્યારે તેમના હૃદયમાં ઘણો હર્ષ થયો. તેણીના જન્મ ઉત્સવના જેવો મોટો ઉત્સવ કરાવ્યો અને જીન મંદિરોમાં સ્નાત્રપુજા અને સાધર્મી વાત્સલ્યનો મહોત્સવ કર્યો. જીનદાસ પણ મોટા માન સાથે કેટલોક વખત નર્મદાપુરમાં રહી પછી વીરદાસની આજ્ઞા માગી પોતાને વતન ભૃગુપુરમાં ગયો હતો.

નર્મદા સુંદરી પિતાને ઘેર રહી સંસાર ઉપર વિરક્ત થઈ પરોપકારનાં કામ કરતી હતી. હમેશાં સવારે અને સાંઝે સામાયિક લઈ પોતાની સાધર્મી બ્હેનોને સદ્બોધ આપતી અને જ્ઞાનની આરાધના કરાવતી હતી બાળ શ્રાવિકાઓને બોધ થાય તેવી ગૃહવ્યવહાર, ધર્મ તથા નીતિની વાર્તા કરતી પોતાનો વખત નિર્ગમન કરતી હતી. નિર્મળ બુદ્ધિવાળી નર્મદા પુરીની બાળ, પ્રૌઢ અને વૃદ્ધ શ્રાવિકાઓને ઘણો લાભ મળ્યો હતો. સ્ત્રી કેળવણીનો મધુર સ્વાદ લઈ નર્મદાપુરની શ્રાવક નારીઓએ પોતાનું જીવન સુધાર્યું હતું આથી તેના તીર્થરૂપ ચતુર્વિધ સંઘને ખાતરી થઈ હતી કે “સતી નર્મદા સુંદરીએ જે શીલનું ભારે માહાત્મ્ય જાણ્યુ હતું, તે તેણીની ઉત્તમ કેળવણીનો પ્રતાપ હતો.”

એક વખતે સતીના પ્રભાવથી વિશ્વમાં તીર્થ તરીકે પ્રખ્યાત થએલી નર્મદાપુરીમાં આર્ય સુહસ્તી નામે આચાર્ય

આવી ચડ્યા. તેમને વંદન કરવાને નર્મદાસુંદરી પોતાના પિતાનું કુટુંબ સાથે લઇને ગઈ હતી. આચાર્યે સર્વને ઉત્તમ પ્રકારનો ધર્મોપદેશ આપ્યો. ઉપદેશ સમાપ્ત થયા પછી સતીના ઉપકારી કાકા વીરદાસે તે આચાર્યને વિનયથી પૂછયું—"ભગવાન્! આ નર્મદાએ પૂર્વે એવાં શાં કર્મ કર્યાં હશે? કે જેથી તેણીના પતીએ તે નિષ્કલંક છતાં તેની ઉપર કલંક ચડાવ્યું? ને વળી તે દુઃખી થઈ?"

તે સાંભળી જ્ઞાની આચાર્ય બોલ્યા–"વિંધ્યાચલ નામે મોટો પર્વત છે, તેના એક દેશમાંથી આ નગરીની પાસે આવેલી નર્મદા નદી નીકળે છે એ નદીની નર્મદા નામે એક મિથ્યાત્વી અધિષ્ટાયિકા દેવી હતી એક વખતે કોઇ મુની તે નર્મદા નદીના કાંઠે કાર્યોત્સર્ગ કરી રહ્યા હતા, તેને એ મીથ્યાત્વી દેવીએ ઘણા ઉપસર્ગો કર્યા પણ તે શાંત મુનીએ તેણીની ઉપર જરા પણ દ્વેષ કર્યો નહિ છેવટે એ નર્મદા દેવી ત્યાંથી ચવીને આ નર્મદાસુંદરી થઇ છે. જ્યારે આ નર્મદા ગર્ભમા હતી, ત્યારે તેણીના પુર્વના અભ્યાસને લીધેજ તેણીની માતાને નર્મદા નદીમાં ન્હાવાનો દોહદ થયો હતો. પૂર્વે તેણીએ સાધુને ઉપસર્ગ કર્યો હતો, તેને લીધે આ સતીને મિથ્યા કલંક લાગ્યું હતું, અને તે દુઃખી થઇ હતી."

ધર્માચાર્ય આર્ય સુહસ્તીના મુખથી પોતાનો પૂર્વભવ સાંભળતાંજ નર્મદાસતિને જાતિસ્મરણ જ્ઞાન થઈ આવ્યું

અને તે સાથેજ તીવ્ર વૈરાગ્ય થવાથી તે મહાસતીએ આચાર્યની પાસે દીક્ષા ગ્રહણ કરી. પવિત્ર નર્મદા કેળવણી પામેલી હોવાથી આચાર્યે તેણીને સર્વ સાધ્વીઓમાં પ્રવર્તિનીનું પદ આપ્યું હતું. જે પદ મેળવી તે મહાસતિએ ઘણી શ્રાવિકાઓનો અને સાધ્વીઓનો ઉદ્ધાર કર્યો હતો. છેવટે ઉગ્ર તપસ્યા કરતાં તે નર્મદા સાધ્વીને અવધિ જ્ઞાન પ્રાપ્ત થયું હતું, જે જ્ઞાનનો સારો ઉપયોગ કરી તે સતિએ ચારિત્ર ધર્મની સત્કિર્તીને આ ભારતવર્ષ ઉપર ફેલાવી હતી.

એક વખતે સાધ્વી નર્મદા વિહાર કરતાં ચંદ્ર નગરમાં આવ્યા હતાં ત્યાં તેમણે શ્રાવિકાઓના સમાજ વચ્ચે એવી ઉપદેશ વાર્તા કરીકે, જેથી તેમની ધર્મકીર્તિ ચારે તરફ પ્રસરવા લાગી. તેમની સત્કીર્ત્તિ સાંભળી તે સતીનો પૂર્વ પતિ મહેશ્વરદત્ત જે કે ત્યાં રહેલો હતો, તે સાધ્વીને નમન કરવા આવ્યો. તે સાધ્વીના મુખથી ધર્મવાર્તા સાંભળી ખુશી થયો. પછી તેણે વિનયથી સાધ્વીને પુછ્યું કે—“ મેં મારી સ્ત્રીને કલંકિત જાણીને તજી દીધી, તો તે કલંકિત હતી કે નહીં?” સાધ્વીએ કહ્યુ, તે તો નિષ્કલંક અને સતી હતી. આ સાંભળતાંજ મહેશ્વરદત્ત પોતાના આત્માને ધિક્કારવા લાગ્યો. “અરે! મેં એ નિર્દોષ સતીને ઘણી દુઃખી કરી, તે બીચારીનું જંગલમાં શું થયું હશે?” મહેશ્વરદત્તને આમ દુઃખી થતો જોઈ સાધ્વીએ કહ્યું, તે તારી સતી પ્રિયા

હું પોતેજ હતી.” તે સાંભળી મહેશ્વરદત્ત સાનદાશ્ચર્ય થઈ ગયો અને પોતાના મનમા ઘણોજ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ધિક્કાર છે મને ! કે મેં તમને ભયંકર જગલમા એકલા તજી દીધા ! ! મારા જેવો બીજો કોઈ પાપિષ્ટ નહીં હોય !” સાધ્વી બોલ્યા—“ શાંત થાઓ, વૃથા ખેદ કરો નહીં. તેમાં તમારો દોષ નથી. સર્વ પ્રાણી પોતાનાં કર્મને અનુસારે સુખદુઃખ ભોગવે છે. ” આર્હત શાસ્ત્રમાં કહ્યું છે કે, “સર્વ પ્રાણીઓ પૂર્વ કર્મની પ્રેરણાથી પ્રવર્ત્તે છે તેમા કોઇનો દોષ નથી, દોષ તો ફક્ત તેઓના આત્માનોજ છે ” પછી તેણે નર્મદાસુંદરીની ક્ષમા માગી, તેણીના ગુરૂ આર્ય સુહસ્તિની પાસે દીક્ષા લીધી. પાછળથી ઋષિદત્તા સર્વ કર્મનો ક્ષય કરી તે નર્મદાનદીના પવિત્ર તીર ઉપર મુક્તિ પામ્યાં હતા. ત્યા દેવતાઓએ આવી નર્મદા સતી વિગેરે બધાનો ઉત્તર ક્રિયા મહોત્સવ કર્યો હતો. ત્યારથી લોકોમાં એ નર્મદાનું પવિત્ર તીર્થ વિખ્યાત થયું છે

સાંપ્રતકાળે નર્મદાનું તીર્થ મિથ્યાત્વીઓને હસ્તગત થયું છે, પણ તે પ્રાચીન કાળે જૈન તીર્થ હતું જૈન સતી નર્મદાસુદરીના પવિત્ર જીવનનો કીર્ત્તિસ્તભ એ તીર્થમા સ્થાપિત થયો હતો તે મહાસતીએ પોતાના જીવનમાં ઘણું ગ્રહણ કરવા યોગ્ય બતાવી આપ્યુ છે. ઉત્તમ કેળ-

વણી, સદાચરણ, પતિવ્રત, સ્વામીપર દ્દઢ પ્રીતિ અને અચળ શીલવ્રત એ વિગેરે સદ્ગુણો નર્મદાસુંદરીના જીવનમાથી દરેક શ્રાવિકાએ શીખવાનાં છે.

તે સાથે શિલવ્રત પાળવામા તે મહાસતીએ જે હીંમત દર્શાવી હતી, તે અલૌકીક હતી, તેમજ તેણીના પતિએ નઠારી શંકા લાવી તેણીનો ત્યાગ કર્યો, તથાપિ અખંડિત પતિભક્તિ રાખી પતિની નીંદા કરી નહીં—એ મહાગુણો સન્નારીને અવશ્ય અનુકરણ કરવા યોગ્ય છે. ધન્ય છે, નર્મદા તને કે તેં શીળરૂપ રત્નને સાચવવા હરિણી વેશ્યાના તથા રાજાના વૈભવ સુખને પણ ધિક્કારી કાઢી ! કોઇપણ લાલચના લોભમાં લપટાઇ નહીં અને અંતે સાર્ધમી બંધુઓને અને સાધર્મી બ્હેનોને ઉપદેશ આપી ઉપકાર કરી ભરતક્ષેત્રમાં અમર નામના રાખી ગઈ છે, ધન્ય છે આવી શ્રાવિકા સતીઓને ! ! !

વાંચનાર ? નર્મદાસુંદરીના ચમત્કારી ચરિત્ર ઉપરથી બોધ લેવાનો છે કે—**શીલ** એ મનુષ્યનુ પરમ **ભૂષણ** છે **શીલથી** સર્વ પ્રકારના ઉપસર્ગનો નાશ થાય છે અને **શીલથી** વાછિતાર્થની સિદ્ધિ થાય છે. માટે જેમ બને તેમ **શીલશાળી** થવાને ઉદ્યુક્ત થવું. ઈત્યલમ્. શાંતિઃ શાંતિઃ શાંતિ ॥

શિયળ વિષે.

(ભવજળ પાર ઉતાર—એ રાગ.)

શીળભૂષણ નરનાર, જગમાં
શીળભૂષણ નરનાર. (૨)
એ વિણ કનકાદિકનાં ભૂષણ,
જાણી લેજો ભાર. જગમાં. ૧
શીળાભૂષણ ભૂષિત જે છે,
ધન્ય છે તસ અવતાર. જગમાં. ૨
સર્વ ગુણોમાં અનુપમ એ ગુણ,
આપે સુખ શ્રીકાર. જગમાં. ૩
ઇંદ્ર અમરને રાય પ્રશંસે,
શિળને જે ધરનાર. જગમાં. ૪
સુલસાદિક જે જગ વિખ્યાતા,
શીળથી ભવનો પાર. જગમાં. ૫
સીતા દમયંતીનો મહીમા,
વર્તે છે મનોહાર. જગમાં. ૬
સૂરતરૂથી પણ અધિકો જાણો,
સ્વર્ગ મોક્ષ દાતાર. જગમાં. ૭

શુળી સિંહાસન પ્રગટાવે,
મહીમા જશ વિસ્તાર જગમાં. ૮
કષ્ટ પડે પણ એને સેવો,
એહ સદા સુખકાર. જગમાં. ૯
રત્ન સિંહ કરે જૈન તણી પણ,
એહ થકી જયકાર. જગમાં. ૧૦

(અમે ઇશ્વર માગીએ એટલું–એ રાગ.)

એની શિયળ સલુણી સંસારમાં, સજો શિયળ તણો શણગાર;
સુણો સૌ સુંદરી. ૧
જેથી કુળને કલંક લાગે ઘણું, એવો કરીએ નહીં આચાર;
સુણો સૌ સુંદરી. ૨
ગળી કુંડની પાસ જતા થકાં, કાળો ડાઘ પડે તત્કાળ;
સુણો સૌ સુદરી. ૩
વ્યભિચારી નઠારીની સોબતે, અણચિંત્યું ચડે શિળ આળ,
સુણો સૌ સુદરી. ૪
મ્હેની વાત એકાંત ન કીજીએ, ભલે હોય ભ્રાત કે તાત;
સુણો સૌ સુંદરી. ૫
પર નરથી ન નજર મેળાવીએ, વળી હશી ન દેખાડીએ દાંત;
સુણો સૌ સુંદરી. ૬
ભાળ ઢાકીને રસ્તે ચાલીએ, લીલવંતી સુલક્ષણી નાર;
સુણો સૌ સુંદરી. ૭

બહેની ચટક મટક નહિં ચાલીએ, નવિ કરીએ આંખલડી વિકાર.
સુણો સૌ સુંદરી. ૮

સુંદર સાડી પહેરો શિયળ તણી, કંઠે નવશેરો નીતિનો હાર.
સુણો સૌ સુંદરી. ૯

શણગાર સજો સૌ સત્યના, કરો વિનય વડીલનો શ્રીકાર.
સુણો સૌ સુંદરી. ૧૦

પ્રભુ તુલ્ય ગણો નિજ નાથને, સાસુ સસરાની લ્યો સંભાળ.
સુણો સૌ સુંદરી ૧૧

વહાલો લાગે છે કજીઓ નારને, બહેની કરીએ નહીં કોઈ કાળ.
સુણો સૌ સુંદરી ૧૨

બહેની જગતપતિ જિનરાજની, કરો ભક્તિ સ્તુતિ ત્રણ કાળ.
સુણો સૌ સુંદરી ૧૩

જૈન કન્યાશાળામાં ભણી ગણી, મુકી દ્યો સૌ આળ પંપાળ
સુણો સૌ સુંદરી. ૧૪

(શાર્દુલવિઃ–છંદ.)

મોટી તે સૌ માતૃતુલ્ય ગણુ હું, છોટી ગણુ પુત્રીઓ,
જે હોય સમ વર્ષમાં મુજતણા, તેને ગણું ભગ્નિઓ.
મોટા તે સૌ પિતૃતુલ્ય ગણુ હું, છોટા ગણું પુત્રકો,

જે હોય સમ વર્ષમાં મુજ તણાં, તેને ગણુ બંધુઓ.
એવી માનવ માત્રમાં મુજથજો, પ્રીતિતણી વૃષ્ટિઓ,
આ સાલે મુજને પ્રભુ કરી કૃપા, આશિષ એવી દીઓ.

સતિ સ્ત્રીઓએ પાળવાના યત્કિંચિત બોલ.

૧ પિતા, બાંધવ પ્રમુખ કોઈપણ પુરૂષની કોટે વળગી મળવું નહીં.
૨ કોઇ પુરૂષને નવરાવવો નહીં
૩ કોઈ પુરૂષ સાથે પત્રાદિકથી ખેલવું નહીં.
૪ કોઈ પરપુરૂષનો છેડો પકડી વાત કરવી નહીં
૫ કોઈ પરપુરૂષ સાથે હસીને હાથ તાળી લેવી નહીં
૬ કોઈ પરપુરૂષની વેંણી ગુથવી નહીં
૭ કોઈ પરપુરૂષના અંગ ચાંપવાં નહીં
૮ કોઈ પરપુરૂષના હાથની પાનની બીડી લેવી નહીં
૯ કોઈ પરપુરૂષ સાથે એક શય્યાએ બેસવું નહીં
૧૦ વાટે શેરીએ પુરૂષના સંગમાં જવુ નહીં
૧૧ ઘોડા વિગેરે આસડ વિનાના વાહનપર બેસવું નહીં
૧૨ જેઠ, સસરા સાસુ તથા આસરામા કોઈ મોટેરા સાથે ઠઠાબાજી કરવી નહીં
૧૩ કોઇ પરપુરૂષ સાથે એકાન્તમા રહેવુ નહીં.
૧૪ પરપુરૂષથી દ્રષ્ટિ મેળવી સરાગથી જોવું નહીં
૧૫ કોઈ પરપુરૂષ સાથે સાંકેતીક ભાષાથી બોલવું નહીં
૧૬ યોગી, ભરડા, ભીક્ષાચર સાથે ભાષણ કરવુ નહીં

૧૭ કોઈ પરપુરૂષ દેખે તેવી રીતે પેસાબ કે ઝાડે જવું નહીં.
૧૮ જ્યાં પુરૂષ સુતો હોય ત્યાં અમર્યાદ થઈ ફરવું નહીં.
૧૯ પુરૂષ દેખતાં આળસ મરડવી નહીં.
૨૦ અત્યંત મીઠા પદાર્થ ખાવાપર પ્રીતિ રાખવી નહીં.
૨૧ મોટે સ્વરથી હસવું નહીં.
૨૨ અજાણે ઘેર જવું નહીં.
૨૩ પીઅર ઝાઝુ રહેવું નહીં.
૨૪ ઘરની વાત કોઇને કહેવી નહીં.
૨૫ પોતાના સ્વામીનું અપમાન થાય ત્યાં જવુ નહીં.
૨૬ ધીરા તથા નીચા સ્વરથી બોલવું.

શીયળની નવ વાડો.

૧ પશુ, નપુંસક, સ્ત્રી રહિત સ્થાનકે રહેવુ
૨ સ્ત્રીની કથા વાર્તા સરાગે કરવી નહિ.
૩ જે આસને સ્ત્રી બેઠી હોય તે આસને બે ઘડી સુધી બ્રહ્મચારી પુરૂષે બેસવું નહિં, અને બ્રહ્મચારિણી સ્ત્રીએ પણ પુરૂષના આસને ત્રણ પહોર સુધી ન બેસવું.
૪ સ્ત્રીના અંગો પાંગ સરાગે જોવા નહિ.

૫ ભીંત પ્રમુખને આંતરે સ્ત્રી પુરૂષ બંને સુતા હોય અથવા કામ વિષે વાતો કરતાં હોય ત્યાં બેસી ન રહેવું.

૬ પૂર્વ અવસ્થામાં સ્ત્રી સાથે કામક્રીડા કીધી હોય તેનું સ્મરણ નહિં કરવું.'

૭ સરસ માદક આહાર ન લેવો.

૮ નિરસ આહાર પણ ચાપીને લેવો. નહિ.

૯ શરીરની શોભા ન કરવી.

સમાપ્ત.